# રાજ્યભરમાં અગનજ્વાળાઓ વરસે છે

## અનેક જગ્યાએ પારો ૪૨થી ઉપર : ગાંધીનગર-અમદાવાદ સહિત કેટલાક ભાગોમાં જનજીવન ખોરવાયુ : ગરમી હજુ વધશે : યલો એલર્ટની જાહેરાત કરવામાં આવી

અમદાવાદ, તા.૨

અમદાવાદ સહિત રાજ્યભરમાં ફરી એકવાર ગરમીનો પારો વધ્યો છે. અગન જ્વાળાઓ વરસી રહી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૧ સુધી પહોંચી ગયું હતું. હવામાન વિભાગ તરફથી મળતી માહિતી મુજબ ગરમીનું પ્રમાણ હજુ પણ વધી શકે છે. બીજી બાજુ કોર્પોરેશન દ્વારા આગામી બે દિવસ યલો કાર્ડ જાહેર કરવામાં આવ્યું છે. લોકોને કામ સિવાય બહાર ન જવાના સુચન કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં તાપમાન ૪૧-૪૩ ડિગ્રીની વચ્ચે રહી શકે છે. ગરમીનો પ્રકોપ સૌરાષ્ટ્રમાં પણ અકબંધ રહે તેમ માનવામાં આવે છે. આજે રાજ્યના ઘણા ભાગોમાં પારો ૪૨થી પણ ઉપર પહોંચ્યો હતો જેમાં ગાંધીનગરમાં ૪૨, ઈડરમાં ૪૨.૨, અમરેલીમાં ૪૨.૪, રાજકોટમાં ૪૨.૨, સુરેન્દ્રનગરમાં ૪૨.૬ અને કંડલા એરપોર્ટ ખાતે ૪૨.૮ ડિગ્રી પારો પહોંચી ગયો હતો. બીજી બાજુ આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ગરમી વચ્ચે ઈન્ફેક્શનના બનાવોમાં સતત વધારો થતાં લોકોને સાવચેત રહેવા પણ નિષ્ણાત તબીબો સૂચન કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ બપોરના ગાળામાં હાલમાં લોકો વધુ સાહસ કરી રહ્યા નથી. લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં કાળઝાળ ગરમીથી લોકો આજે પણ ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદ શહેરમાં બપોરમાં જનજીવન પણ ખોરવાયું હતું. ઘણા રસ્તાઓ સુમસામ બન્યા હતા. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સક્રિય થયેલી છે. આ સાથે જ શરીર પર એવા વસ્ત્રો પહેરવા જેથી કરીને ગરમ પવનોની અસર ન થાય. લૂ ન લાગે કે હિટસ્ટ્રોકનો ભોગ બનવું ન પડે તે માટે લોકોને બને એટલું પાણી વધારે પીવા પર ખાસ સલાહ સલાહ આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકો દ્વારા વિવિધ વિસ્તારોમાં પાણીની પરબ મુકવામાં આવી છે.




# પાકિસ્તાન નેવી દ્વારા ૩૦ માછીમારનું અપહરણ

અમદાવાદ, તા.૩

પાકિસ્તાનની પોતાની નાપાક હરકત કરતા વધુ એક વખત પાકિસ્તાનની નેવીએ ભારતીય માછીમારોનું અપહરણ કર્યું છે. પાકિસ્તાનની નેવીએ આંતરરાષ્ટ્રીય જળસીમાં પાસે ઘુસીને ૫ બોટ અને ૩૦ માછીમારોને બંધક બનાવ્યા છે. મહત્વનું છે કે પાકિસ્તાન દ્વારા અવાર નવાર ભારતીય માછીમારોનું અપહરણ કરવામાં આવે છે. બુધવારે ફરી પાકિસ્તાન નેવીએ આંતરરાષ્ટ્રીય જળસીમા પાસે ભારતીય માછીમારોનું અપહરણ કર્યું છે. પાકિસ્તાની નેવીએ ૩૦ માછીમારો અને તેમની ૫ બોટનું અપહરણ કર્યું છે. મહત્વનું છે કે પાકિસ્તાન નેવી દ્વારા અપહરણ કરાયેલી ૫ બોટ પૈકીની એક બોટના એન્જિનમાં આગ લાગી હતી. જેથી તેમાં રહેલા માછીમારોને અન્ય બોટમાં ખસેડાયા હતા. જેમાં માછીમારોનો જીવ તો બચી ગયો હતો પરંતુ તમામ માછીમારોનું પાકિસ્તાન નેવી દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે.

## આ પણ વાંચીએ...

### અનોખુ મશીન જે સુંઘીને બતાવશે બીમારી

નાડી જોઈ બીમારીનું નિદાન કરવાની પદ્ધતિ આપણે ત્યાં વિકસીત છે. હવે સુંઘીનો બીમારી બતાવતા મશીનનો આવિષ્કાર કરવામાં વૈજ્ઞાનિકો જોતરાયા છે. આ મશીન બનાવી રહેલા વૈજ્ઞાનિકો કહે છે કે શ્વાસ, બ્લડ અને યુરીનથી રોગની ઓળખ કરવામાં આવશે. યુનાની અને ચીની પદ્ધતિમાં સુંઘીને બીમારી પકડવાની પદ્ધતિ ચલણમાં છે.




### એક ગુજરાતીએ યુકેમાં શરૂ કરી ઓટોરીક્ષા

ગુજરાતીઓ દેશમાં હોય કે વિદેશમાં કાયમ કંઈક અલગ કરવા ઈચ્છતા હોય છે. તેવા જ એક ગુજરાતીની વાત છે જે બ્રિટનમાં રીક્ષા ચલાવે છે. બ્રિટન જેવા વિકસીત દેશમાં રીક્ષા નજરે પડે તો સ્વાભાવિક છે કે કુતૂહલ સર્જાયા વિના ન રહે. બ્રિટનના બોલ્ટ ટાઉનમાં રીક્ષા લઈને ફરતા એક ગુજરાતી આકર્ષણ જણાવ્યુ છે. આ રીક્ષા લઈને તે જ્યાં જાય છે ત્યાં ટોળા એકઠા થઈ જાય છે.



# કોંગ્રેસની પ્રદેશ કારોબારીની ૮મીએ બેઠક : ફેરફારોની સંભાવના

## સંગઠનમાં ફેરફાર કરાય તેવી પ્રબળ સંભાવના : ભરતસિંહ, શંકરસિંહ, અશોક ગેહલોત વગેરે હવે ૬ઠ્ઠીએ દિલ્હી જશે : શશીકાંત અમદાવાદ શહેર પ્રમુખ બની શકે

અમદાવાદ, તા.૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સંગઠનમાં ઘણી મહત્વની જગ્યાઓ છેલ્લા કેટલાક સમયથી ભરાઈ નહી હોવાની કાર્યકરોમાં વધતા જતા અસંતોષના પગલે હવે કોંગ્રેસ હાઈકમાન્ડે ગુજરાત કોંગ્રેસનો પ્રશ્ન હાથ પર લઈ સંગઠનમાં નવા પ્રાણ ફુકવાની તૈયારી શરૂ કરી છે. આ સંદર્ભમાં તા.૬ઠ્ઠીમેના રોજ નવી દિલ્હી ખાતે કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે પ્રદેશ આગેવાનોની યોજાનારી બેઠકમાં પ્રદેશ સંગઠનના માળખામાં મહત્વના ફેરફારોને લીલી ઝંડી આપવામાં આવે તેવી શક્યતાઓ કોંગ્રેસના સુત્રોએ વ્યક્ત કરી હતી. તા.૮મીને રોજ મળનારી કોંગ્રેસની પ્રદેશ કારોબારી બેઠકમાં પ્રદેશ સંગઠનમા નવી નિયુક્તિની જાહેરાત કરવામાં આવે તેમ પણ જાણવા મળે છે. જેમાં અમદાવાદ શહેરની પ્રમુખ પદની છેલ્લા એક વર્ષથી પણ વધુ સમયથી ખાલી પડેલી જગ્યા પર શશીકાંત પટેલની વરણી કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. અમદાવાદ શહેર પ્રમુખ પદેથી ચેતન રાવલે રાજીનામુ આપ્યા બાદ આ જગ્યા પર છેલ્લા ઘણા સમયથી આંતરિક વિખવાદને કારણે કોઈ નિમણુક કરવામાં આવી ન હતી. હવે આ જગ્યા માટે શશીકાંત પટેલ ઉપરાંત મિહિર પટેલ વગેરે બે ત્રણ નામો મુખ્ય ચર્ચામાં છે જેમાં શશીકાંત પટેલના નામની વધુ શક્યતા સુત્રો વ્યક્ત કરી રહ્યા છે. દરમ્યાન ભારતીય જનતા પાર્ટી તરફથી કોંગ્રેસના જે ૩૬ ધારાસભ્યો ઉપર પક્ષ પલટો કરવા ભારે દબાણ કરવામાં આવી રહ્યું હતું તે તમામ ધારાસભ્યોની શંકરસિંહ વાઘેલાના નિવાસ સ્થાને મળેલી બેઠક બાદ કોંગ્રેસની હાઈકમાન્ડ હરકતમાં આવ્યું હતું અને ગુજરાતના તત્કાલિન પ્રભારી ગુરુદાસ કામત તેમજ રાહુલ ગાંધીના ખાસ દુતે અમદાવાદની લીધેલી ગુપ્ત મુલાકાત બાદ હાઈકમાન્ડને મોકલેલા અહેવાલના પગલે તા. ૬ઠ્ઠી મેના રોજ નવી દિલ્હી ખાતે મળનારી બેઠક રાજકીય પરિપ્રક્ષ્યમાં ખુબ જ મહત્વની બની રહેશે. આ સંદર્ભમાં શંકરસિંહ વાઘેલાના કોંગ્રેસની ચૂંટણી સમિતિના ચેરમેન બનાવવાની અટકળો વહેતી થઈ હતી. પરંતુ શંકરસિંહ વાઘેલાએ આજે આ માત્ર અટકળો હોવાનું કહી ચૂંટણી સમિતિના ચેરમેનની વાત ઉપર પૂર્ણ વિરામ મુકી દીધો હતો.



અંકુશ રેખા ઉપર પાકિસ્તાની સૈનિકો દ્વારા બે જવાનો સાથે અમાનવીય કૃત્ય કરવાના બનાવ બાદ આને લઈને અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં પાકિસ્તાન સામે વિરોધ પ્રદર્શન કરાયું હતું.

# મહિલા ડૉકટરે વસ્ત્રાપુર ખાતે આપઘાત કરતા ભારે ચકચાર

અમદાવાદ,તા.૩

શહેરની સાલ હોસ્ટિલમાં ફરજ બજાવતી મહિલા ડૉકટરે વસ્ત્રાપુર ખાતે પિયરમાં ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ છે. મહિલા ડૉકટરે પતિ, સાસુ-સસરા અને નણંદના ત્રાસથી આપઘાત કર્યો હોવાનો સ્યુસાઇડ નોટમાં ઉલ્લેખ કર્યો છે. આ અંગે મહિલા ડૉકટરની માતાએ સાસરિયાં વિરુદ્ધમાં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વસ્ત્રાપુરના નહેરુપાર્ક વિસ્તાર ખાતે આવેલા ચિત્રકૂટ ટ્વિન્સમાં મીનાક્ષીબહેન અરવિંદભાઈ શાહ તેમના એક પુત્ર અને બે દીકરીઓ સાથે રહે છે. મૌનવી નામની પુત્રીનાં લગ્ન ૨૦૦૭માં વાસણાના ધરણીધર રોડ પર આવેલી શ્રેયાંસનાથ સોસાયટીમાં રહેતા નીરજ કનૈયાલાલ શાહ સાથે થયાં હતાં. લગ્ન બાદ મૌનવીની નણંદ નિપાબહેનનાં લગ્નનું પણ રિસેપ્શન યોજાયું હતું. રિસેપ્શન દરમ્યાન કોઈ કારણસર મૌનવીનાં માતા-પિતાનું અપમાન કરવામાં આવ્યું હતું. લગ્ન બાદ મૌનવી અને નીરજ વચ્ચે પતિ-પત્નીના સંબંધો રહ્યા ન હતા. આ અંગે મૌનવીએ તેનાં માતા-પિતાને વાત કરી હતી. સાસુ અરુણાબહેન, સસરા કનૈયાલાલ દ્વારા પણ ઘરકામ સરખી રીતે ન કરતી કરવાનું કહી તેને શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતાં તેણી પોતાનાં પિયરમાં આવીને રહી હતી. તે દરમ્યાન ગત તા.૨૯ એપ્રિલના રોજ સવારે મીનાક્ષીબહેન ઘરે હતાં અને મૌનવી પોતાના રૂમમાં હતી, ત્યારે મૌનવીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૌનવીએ પાંચ પાનાંની સ્યુસાઈડ નોટ લખી હતી, જેમાં તેના પતિ દ્વારા પતિ-પત્નીના સંબંધો રાખવામાં આવ્યા ન હોવાનો તેમજ સાસુ-સસરા-નણંદ દ્વારા ત્રાસ અપાતો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. વસ્ત્રાપુર પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે.

# સરકારના પરિપત્ર વિરૂદ્ધનો સિંગલ જજનો સ્ટે ઉઠાવાયો

## ડિગ્રીમાં ઇનસર્વિસ ડોકટરને ૨૫ ટકા સીટનો મામલો : સ્ટે ઉઠાવવા સાથે કોર્ટે સરકારને કાઉન્સેલીંગ પ્રક્રિયાની મંજૂરી : પીજી મેડિકલના પ્રવેશ આખરી આદેશને આધીન

અમદાવાદ, તા.૩

પી.જી. મેડિકલમાં ૧૫૦૦થી વધુ બેઠકો પર પ્રવેશપ્રક્રિયાનો માર્ગ આજે મોકળો બન્યો હતો. પીજી મેડિકલમાં ડિગ્રી કોર્સમાં ઈન સર્વિસ ડોકટરોને ૨૫ ટકા બેઠકો નહી ફાળવવાના સરકારના પરિપત્ર સામે અગાઉ હાઈકોર્ટના સીંગલ જજે આપેલો સ્ટે આજે હાઈકોર્ટની ખંડપીઠે ઉઠાવી લીધો હતો અને પીજી મેડિકલમાં કાઉન્સેલીંગની પ્રક્રિયા હાથ ધરવા સરકારને મંજૂરી આપી હતી.

જો કે, હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, પીજી મેડિકલમાં જે કોઈ પ્રવેશ અપાશે તે આ કેસના આખરી હુકમને આધીન રહેશે. આ કેસની વિગત એવી છે કે, રાજયના ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં ત્રણ વર્ષ સુધી સેવા આપતાં ઈન સર્વિસ ડોકટરો માટે રાજય સરકાર દ્વારા સને ૨૦૦૫થી દર વર્ષે પીજી મેડિકલમાં ડિગ્રી અને ડિપ્લોમામાં ૨૫ ટકા બેઠકો ફાળવાતી હતી પરંતુ આ વર્ષે સરકારે પી જી મેડિકલમાં ડિગ્રી કોર્સમાં ૨૫ ટકા અનામતની ફાળવણી કરી ન હતી અને આ અંગે ગત સપ્તાહમાં સરકાર દ્વારા પરિપત્ર પણ જારી કરવામાં આવ્યો હતો. સરકારના આ વિવાદીત પરિપત્રને ઈન સર્વિસ ડોકટરો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

અરજદાર ડોકટરો તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, વર્ષોથી સરકાર પીજી મેડિકલમાં ડિગ્રી અને ડિપ્લોમામાં ૨૫ ટકા બેઠકો ફાળવતી હતી અને આ વખતે અચાનક નીતિ બદલી દે તે કોઈપણ રીતે વાજબી નથી. ખાસ કરીને અરજદારો જયારે ત્રણ વર્ષ સુધી ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં તબીબી ફરજ બજાવી ચૂકયા હોય અને સેવા આપી ચૂકયા હોય ત્યારે આગળના અભ્યાસમાં તેઓને પૂરતી તક મળવી જોઈએ. વળી, સરકાર દ્વારા પીજી મેડિકલની પ્રવેશ કાર્યવાહી અને કાઉન્સેલીંગની પ્રક્રિયાનો પ્રારંભ થયો તેના એક અઠવાડિયા પહેલા જ અચાનક નીતિ બદલી ઈન સર્વિસ ડોકટરોને ડિગ્રીમાં ૨૫ ટકા બેઠકો નહી ફાળવવાનો વિવાદીત નિર્ણય લીધો છે, જે બિલકુલ ગેરકાયદે, અયોગ્ય અને સુપ્રીમકોર્ટના સંબંધિત ચુકાદાઓથી વિપરીત છે. આ સંજોગોમાં હાઈકોર્ટે અરજદારોને ન્યાય અપાવવો જોઈએ. આ કેસમાં અગાઉ સીંગલ જજે સરકારના વિવાદીત પરિપત્ર સામે સ્ટે જારી કરી દીધો હતો. હાઈકોર્ટે સરકારના પરિપત્ર સામે સ્ટે મૂકાતાં સરકાર પણ પોતાના નિર્ણયને ઝુકતો જોવા માંગતી ન હતી અને તેથી સરકાર દ્વારા કાઉન્સેલીંગની પ્રક્રિયા જ હાથ ધરાતી ન હતી.

# ડિશ-પ્લેટ પ્રમાણે નહી વજન મુજબ જ ભોજન પીરસવું પડે

અમદાવાદ, તા.૩

કોઈપણ હોટેલ કે રેસ્ટોરન્ટ્સમાં પ્લેટ કે ડિશના માપ પ્રમાણે નહી પરંતુ સ્ટાન્ડર્ડ્ઝ ઓફ વેઈટ એન્ડ મેઝરમેન્ટ એકટની જોગવાઈઓ પ્રમાણે વજન અને માપદંડ મુજબ જમવાનું કે ખાણીપીણી ઉપલબ્ધ બનાવવા એક મહત્વની જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થઈ છે. જેની સુનાવણીમાં હાઈકોર્ટે રાજયના ચીફ સેક્રેટરી, તોલમાપ વિભાગ સહિતના સંબંધિત સત્તાવાળાઓને નોટિસ જારી કરી છે. કેસની વધુ સુનાવણી જૂનમાં રખાઈ છે. જાહેરહિતની રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, સ્ટાન્ડર્ડ્ઝ ઓફ વેઈટ એન્ડ મેઝરમેન્ટ એકટ-૧૯૭૬ અમલમાં આવ્યાને વર્ષો વીત્યા બાદ પણ અને આઝાદીના આજે ૬૭ વર્ષો બાદ પણ હોટલ અને રેસ્ટોરન્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ કે જે વર્ષેદહાડે અબજો રૂપિયાનો ધંધો-રોજગાર રળે છે તે, આશ્ચર્યજનક રીતે ઉપરોકત કાયદાની જોગવાઈઓ કે કોઈ નીતિનિયમોના પાલન કર્યા વિના જ ધમધમી રહી છે. આ કાયદાની જોગવાઈ પ્રમાણે, હોટલ કે રેસ્ટોરન્ટ્સમાં જમવાનું કે, ખાણીપીણીની ચીજવસ્તુઓ ડીશ કે પ્લેટ પ્રમાણે નહી પરંતુ તેના ચોક્કસ વજન અને માપદંડ મુજબ પીરસવું પડે. કાયદાના ચેપ્ટર -૨ અને ૩માં કોઈપણ બેઝ યુનિટનું માપ કિલોગ્રામમાં હોવું જોઈએ. કોઈપણ હોટેલ કે રેસ્ટોરન્ટ્સ જમવાનું કે ખાણીપીણીની ચીજવસ્તુઓ ડીશ અને પ્લેટ પ્રમાણે આપે છે, મેનુંમાં પણ પ્લેટ કે ડીશ પ્રમાણેનો ભાવ લખેલો હોય છે પરંતુ ઉપરોકત કાયદાની જોગવાઈ મુજબ, તેમાં પીરસાનારો ખોરાક કે જમવાનું કેટલા વજનનું કે માપદંડ પ્રમાણેનું છે તેનો કોઈ જ ઉલ્લેખ હોતો નથી.

# આજે કોંગીની જય જવાન માર્ચ : ભરતસિંહ જોડાશે

અમદાવાદ, તા.૩

કેન્દ્રની ભાજપ સરકારની નબળી નિતીઓને કારણે કાશ્મિરમાં જવાનો શહીદ થઈ રહ્યાં છે. હમણાં તાજેતરમાં પાકિસ્તાન દ્વારા બે જવાનોને બર્બરતાપૂર્ણ રહેંસી નાંખવામાં આવ્યા. જેને લઈને પ્રજામાં આક્રોશ છે. પ્રજાની લાગણીને ધ્યાનમાં લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા જય જવાન માર્ચ આવતીકાલે તા. ૪થી મે ૨૦૧૭ના રોજ સાંજે ૫-૦૦ કલાકે પાલડીથી પ્રયાણ કરશે. આ જય જવાન માર્ચને ફલેગ ઓફ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી આપશે અને આ કુચમાં જોડાશે. જય જવાન માર્ચનો રૂટ પાલડી, ચિરાગ ઓટો ચાર રસ્તા, આંબાવાડી સર્કલ, સીએન વિદ્યાલય, નહેરૂનગર સર્કલ, પાંજરાપોળ આઈઆઈએમ રોડથી વસ્ત્રાપુર તળાવ ખાતે શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંસુમન અર્પણ કરશે.

## કટોકટી ઉકેલાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, તેઓ કાર્યકરોનો આભાર માને છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જ્યારે પણ પાર્ટીમાં વિચારની જરૂર પડશે ત્યારે તેઓ બેઠક યોજશે. કુમારે ફરીથી પુનરોચ્ચાર કરતા કહ્યું હતું કે, મુખ્યમંત્રી બનવાની તેમની કોઈ ઈચ્છા નથી. પાર્ટીમાં ચર્ચા વિચારમઆની શરૂઆત થઈ છે જે આગળ પણ જારી રહેશે. મનિષ સિસોદિયાએ અમાનતુલ્લાહને પાર્ટીમાંથી હાંકી કાઢવાની જાહેરાત કરી હતી. અમાનતુલ્લાહ ખાને કુમારવિશ્વાસની સામે જાહેરમાં નિવેદનબાજી કરીને ભાજપની સાથે મળીને પાર્ટીને તોડી નાંખવાના પ્રયાસ કરવાનો આક્ષેપ કર્યો હતો. કુમાર વિશ્વાસ અમાનતુલ્લાહને પાર્ટીમાંથી હાંકી કાઢવાના વલણ ઉપર જીદ કરીને બેઠા હતા. આખરે કુમાર વિશ્વાસની જીત થઈ હતી. આજની પીએસીની બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા જે પૈકી બે મહત્વના નિર્ણયોમાં એક નિર્ણય એ છે કે, અમાનતુલ્લાહને પાર્ટીના સભ્યપદેથી દૂર કરવામાં આવ્યા છે. સાથે સાથે એક કમિટિની રચના કરવામાં આવી છે જે સમગ્ર મામલામાં તપાસ કરશે. અમાનતુલ્લાહનું નિવેદન પણ સાંભળવામાં આવશે પરંતુ ત્યાં સુધી અમાનતુલ્લાહ પાર્ટીથી દૂર રહેશે. આ તપાસ સમિતિનું નેતૃત્વ પાર્ટી સચિવ પંકજ ગુપ્તા કરશે જ્યારે આસુતોષ અને આતિશી માર્લેના સભ્ય તરીકે રહેશે. બીજો એક મહત્વનો નિર્ણય એ કરવામાં આવ્યો છે કે, કુમાર વિશ્વાસને રાજસ્થાનના પ્રભારી બનાવવામાં આવ્યા છે. કુમાર વિશ્વાસ રાજસ્થાનમાં પાર્ટીના સંગઠનને મજબૂત કરવા માટે કામ કરશે. રાજસ્થાનની જવાબદારી હાલમાં સિસોદિયાની પાસે હતી જે જેમની પાસેથી લઈને કુમાર વિશ્વાસને સોંપી દેવામાં આવી છે. કુમાર વિશ્વાસે એમ પણ કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર, રાષ્ટ્રવાદ અને કાર્યકરો સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. અમાનતુલ્લાહ સામે કરવામાં આવેલી કાર્યવાહીથી સંતુષ્ટ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા કુમારે કહ્યું હતું કે, પાર્ટીમાં ગેરશિસ્તને કોઈ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. પીએસીની બેઠકમાં કુમાર વિશ્વાસે પાર્ટીની સામે ત્રણ શરતો મુકી હતી. આ શરતોમાં ભ્રષ્ટાચાર, કાર્યકરો અને રાષ્ટ્રવાદનો ઉલ્લેખ કર્યો હતો. બેઠક બાદ કુમારે ટ્વિટર ઉપર પોતાની પ્રતિક્રિયા આપી હતી. એએપીની બેઠકમાં સાનુકુળ વાતાવરણમાં આજે ચર્ચા થઈ હતી અને વિવાદને ટાળવાના પ્રયાસ થયા હતા પરંતુ આમ આદમી પાર્ટીમાં આંતરિક હાલ જારી રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. એએપીના નેતા પાર્ટી વડા અરવિંદ કેજરીવાલથી નારાજ છે અને એએપી સાથે છેડો ફાડી શકે છે. તેવા અહેવાલ વચ્ચે આ બેઠક યોજાઈ હતી. અગાઉ કુમાર વિશ્વાસે કેટલીક બાબતો સ્પષ્ટપણે રજૂ કરી હતી.

## કેમ્પ સક્રિય

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૫ ત્રાસવાદીઓ ભારતીય પક્ષમાં જમ્મુ કાશ્મીર સરહદની અંદર ઘુસી જવામાં સફળ રહ્યા છે. ગુપ્તચર સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે કાશ્મીર ખીણમાં આ સમય આશરે ૧૬૦ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. આ ત્રાસવાદીઓને તેમના આકા તરફથી હુમલા વધારે તીવ્ર કરવા માટે સુચના આપી છે. ત્રાસવાદી સંગઠનો દ્વારા છેલ્લા થોડાક મહિનામાં સ્થાનિક યુવાનોની ભરતી પણ મોટા પાયે કરવામાં આવી છે. છેલ્લા થોડાક મહિનાના ગાળામાં કાશ્મીર ખીણમાંથી આશરે ૧૦૦ યુવાનો ત્રાસવાદી ગતિવિધીમાં સામેલ થઈ ચુક્યા છે. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે આઠમી મેના દિવસે જમ્મુ કાશ્મીર દરબાર જમ્મુથી શ્રીનગર શિફ્ટ થનાર છે. આને ધ્યાનમાં લઈને ત્રાસવાદીઓએ હવે જાણી જોઈને તેમની સક્રિયતા વધારી દીધી છે. સુત્રોએ કહ્યુ છે કે ત્રાસવાદી સંગઠન સુરક્ષા દળો પર હુમલા વધારે ઝડપી કરીને તેમના નૈતિક જુસ્સાને તોડી પાડવા માટેના પ્રયાસ કરી રહ્યા છે. સ્થાનિક લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. કાશ્મીરમાં આગામી દિવસોમાં હિંસક પ્રદર્શન ઝડપી બને તેવી પણ શક્યતા છે.

હિંસાગ્રસ્ત જમ્મુ કાશ્મીરમાં આગામી દિવસોમાં વધારે રક્તપાત થવાની શક્યતા દેખાઈ રહી છે. આવી સ્થિતીમાં સુરક્ષા દળોની સામે વધારે પડકારરૂપ સ્થિતી સર્જાઈ શકે છે. હાલમાં સુરક્ષા દળોને વધારે એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યુ છે. કારણ કે ત્રાસવાદીઓ સ્થાનિક લોકોની મદદથી છુપા હુમલાને અંજામ આપી શકે છે.

## પગલાની માંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે, પહેલી મેના દિવસે બે ભારતીય જવાનોના મૃતદેહ સાથે અમાનવીય કૃત્ય કરાયું હતું. ભારતીય જવાનોના શરીરના ઘણા અંગ કાપી દેવામાં આવ્યા હતા. બેઠક અંગે માહિતી આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું હતું કે, અમારા વિદેશ સચિવે બાસિતને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, બટ્ટાલ સેક્ટરમાં પાકિસ્તાની ચોકીઓ તરફથી કવર ફાયરિંગ આપવામાં આવ્યા બાદ પાકિસ્તાની જવાનો ભારતીય બાજુમાં ઘુસી ગયા હતા અને બે જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ તેમની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હતું. જયશંકરે માંગ કરી હતી કે, પાકિસ્તાન દ્વારા તેના સૈનિકો અને આ ઘૃણાસ્પદ કૃત્ય માટે જવાબદાર કમાન્ડરો સામે તાત્કાલિક ધોરણે પગલા લેવામાં આવે. જો કે, ભારતીય અધિકારીઓએ એમ પણ કહ્યું હતું કે, બાસિતે આ વાતચીત દરમિયાન અમાનવીય કૃત્યમાં પાકિસ્તાની સેનાની સંડોવણી હોવાનો ફરીવાર ઈન્કાર કર્યો હતો જો કે, ખાતરી આપી હતી કે, ભારતની ચિંતાથી પાકિસ્તાન સરકારને વાકેફ કરવામાં આવશે. ભારતીય સેનાના નાયબ સુબેદાર પરમજીતસિંહ અને બીએસએફના હેડકોન્સ્ટેબલ પ્રેમસાગર શહીદ થયા હતા.

## પાયલોટ પ્રોજેક્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્રોજેક્ટમાં ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણના ફલકને વિશાળ બનાવવાનું અભિયાન છે. ગુણવત્તાસભર શિક્ષણને વધુ સઘન બનાવવામાં આ અભિયાન પૂરક બનશે તેમ શિક્ષણ વિભાગના સૂત્રો માની રહ્યા છે.

સર્વશિક્ષા અભિયાન દ્વારા યોજવામાં આવેલ વર્કશોપમાં ૧ ૩૦૦ જેટલા શિક્ષકો હાજર રહ્યા હોવાનું પણ જાણવા મળેલ છે. આગામી શૈક્ષણિક સત્રથી આ પાયલોટ પ્રોજેક્ટ અમલીકરણમાં આગળ વધવા માટેનો રોડમેપ તૈયાર થઈ ગયો હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## સેમિનાર યોજાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાલીમ આપી અપગ્રેડ કરવા માટે ગાંધીનગર ખાતે બે દિવસની શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ શિબિર દરમિયાન રાજયમાંથી ૨૬ જેટલા બીટગાર્ડ ફોરેસ્ટરોને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ હતુ. ગાંધીનગર સર્કલના મુખ્ય વનસંરક્ષક એન એસ યાદવે આ અંગે વિશેષ જાણકારી પુરી પાડી હતી. વન્યજીવ ગુનાના કેસ, સર્ચ, પંચનામુ આરોપીના જવાબ, સ્થાનિક પોલીસ અને ફોરેન્સિક કચેરી સાથે સંકળાયેલી બાબતો અંગે પણ યોગ્ય જાણકારી આપી હતી. તળાજાના વનપાલ હરેશ વાંદા તેમજ નિવૃત નાયબ વન સંરક્ષણ ટી એન પટેલ નાયબ વન સંરક્ષક અતુલ અમીન વન અધિકારી એન પી રોજાસરાએ હાજરી આપી શિબિરના હેતુને સાર્થક કરવા પ્રયાસો કર્યા હતા.